# એ. એમ. પી. (સરકારી) લૉ કૉલેજ, રાજકોટ

## ડૉ. હોમી દસ્તુર રોડ, ડી. એચ. કૉલેજ કેમ્પસ,
## ડૉ. યાજ્ઞિક રોડ, રાજકોટ

## FY LL.B. પ્રવેશ પ્રક્રિયા

## વર્ષ: ૨૦૨૩-૨૪

## માર્ગદર્શન પુસ્તિકા

| જરૂરી તારીખો | |
|---|---|
| ઑનલાઇન ફોર્મ ભરી સબમીટ કરવાની તારીખ | ૨૩/૦૫/૨૦૨૩ થી ૦૮/૦૬/૨૦૨૩ |
| રીજેક્ટ થયેલા ફોર્મ ની યાદી | ૧૪/૦૬/૨૦૨૩ |
| રીજેક્ટ થયેલા ફોર્મ સુધારીને સબમીટ કરવા માટે | ૧૫/૦૬/૨૦૨૩ થી ૧૮/૦૬/૨૦૨૩ |
| મેરિટ યાદી બનાવાવા માટે કન્ફોર્મ થયેલા ફોર્મની યાદી | ૨૦/૦૬/૨૦૨૩ |
| સંભવિત પ્રથમ મેરીટ યાદી | ૨૧/૦૬/૨૦૨૩ |
| ડોક્યુમેન્ટ ચકાસણી | ૨૨/૦૬/૨૦૨૩ |



## કૉલેજ વેબસાઇટ લિંક

https://www.amplc.ac.in

1. આ કોલેજ માં LL.B. SEM-1 માં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિધાર્થીઓએ પ્રવેશ ફોર્મ Online ભરવાના રહેશે.
2. પ્રવેશ અંગેની સૂચનાઓ વિધાર્થીઓએ ધ્યાનથી વાંચવી.
3. પ્રવેશ માત્ર મેરિટ આધારિત જ રહેશે. તે માટે મેરિટ યાદી, કૉલેજ વેબસાઇટ પર જ મૂકવામાં આવશે. તે માટે કૉલેજ વેબસાઇટ જોતી રહેવી.
4. અરજીપત્રકમાં દર્શાવેલ બધી જ વિગતો વિધાર્થીએ ભરવાની રહેશે. ખોટી કે અધુરી માહિતી ભરનાર વિધાર્થીનું ફોર્મ રદ ગણાશે.
5. અરજીપત્રક સાથે નીચે જણાવેલ અસલ (Original) પ્રમાણપત્રો ઓનલાઇન અપલોડ કરવાના રહેશે.
   a. શાળા છોડ્યા અંગે નુ પ્રમાણપત્ર (LC)
   b. 10th ઓરિજનલ માર્કશીટ (જો એક કરતા વધુ પ્રયત્નો હોય તો બધી જ)
   c. 12th ઓરિજનલ માર્કશીટ (જો એક કરતા વધુ પ્રયત્નો હોય તો બધી જ)
   d. Last Graduation Mark sheet (Sem-6 OR T.Y.) (જે વિદ્યાર્થીઓ Yearly System માં Pass Out થયેલ હોય તેઓએ Degree Certificate Upload કરવાનું રહેશે.)
   e. SC/ST/EWS અનામત કેટેગરી અથવા અન્ય કોઈપણ કેટેગરીનો લાભ લેવા માગતા હોય તો તે અંગેનું જાતિનું પ્રમાણપત્ર. (લાગુ પડતુ હોય તો)
   f. SEBC/OBC કેટેગરીના અરજદારોએ તા.૩૧/03/૨૦૨૧ પછીનું ગુજરાત સરકારના સત્તાધારી સત્તા દ્વારા આપવામાં આવેલ નોન ક્રિમીલેયર સર્ટીફિકેટ (NCL). (લાગુ પડતુ હોય તો)
   g. શારીરિક અસક્ત અરજદાર માટે સિવિલ સર્જન અથવા સમકક્ષ અધિકારીએ ફાળવેલ શારીરિક અશક્તતાનું પ્રમાણપત્ર. (લાગુ પડતુ હોય તો)
   h. આધારકાર્ડ
   i. તાજેતરમાં પડાવેલ પાસપોર્ટ સાઈઝ નો ફોટો ૩.૫ * ૪.૫ cm કલર ફોટો (સફેદ બેકગ્રાઉંડ વાળો તથા ડ્રેસ કોડ માં પડાવેલ ફોટો જ માન્ય રહેશે)
   j. નોકરી કરતા અરજદાર NO OBJECTION CERTIFICATE (NOC) (લાગુ પડતુ હોય તો સુચના ૧૩ મુજબનું)
6. જે વિધાર્થીઓના ફોર્મ રીજેક્ટ કરવામાં આવશે, તેઓને તેમના ઇ-મેઇલ ઉપર જાણ કરવામાં આવશે. આથી વિધાર્થીઓએ ઇ-મેઇલ ચકાસતા રહેવું. રીજેક્ટ થયેલા ફોર્મ ની યાદી વેબસાઇટ ઉપર તા. ૧૪/૦૬/૨૦૨૩ ના રોજ મૂકવામાં આવશે. તો તે ફોર્મ ઑનલાઇન સુધારી નિયત તારીખ સુધીમાં ફોર્મ સબમિટ કરવાનું રહેશે. રીજેક્ટ થયેલા ફોર્મ માટે જો કંઇ Query હોય તો તા.૧૫/૦૬/૨૦૨૩ થી ૧૮/૦૬/૨૦૨૩, સમયઃ સવારે ૧૦ થી બપોરે ૧૨ સુધીમાં કોલેજ નો રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે. આ તારીખ વિત્યા બાદ રીજેક્ટ થયેલા ફોર્મ બાબતે કોઇ પણ પ્રકારના વાંધા કે અરજી સ્વીકારવામાં આવશે નહિ. તારીખમાં ફેરફાર કરવાનો સમગ્ર હક એડમીશન કમિટીનો રહેશે.

7. મેરીટ યાદી પ્રમાણે પસંદગી પામતા વિધાર્થીએ ઑનલાઇન લોગિન થઇને પ્રવેશફોર્મની આપવામાં આવેલ સૂચનાઓ મુજબ પ્રિન્ટ લેવાની રહેશે. મેરીટ યાદી પ્રમાણે પસંદગી પામતા વિદ્યાર્થીને જે સમયે કોલેજમાં ડૉક્યુમેન્ટની ચકાસણી માટે બોલાવામાં આવે તે સમયે જરૂરી બધા જ અસલ પ્રમાણપત્રો તથા પ્રવેશફોર્મમાં જણાવ્યા મુજબના સ્વ-પ્રમાણિત પ્રમાણપત્રોની નકલ સાથે પ્રવેશ સમિતિ સમક્ષ રજૂ કરવાના રહેશે ત્યારબાદ જ પ્રવેશ માન્ય ગણાશે.
8. છેલ્લી ડીગ્રી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સિવાય અન્ય યુનિવર્સિટી માંથી મેળવેલ હોય અને આપનું નામ મેરીટ યાદીમાં આવે તો તેમણે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી માંથી **કામચલાઉ યોગ્યતા પ્રમાણપત્ર** (Provisional Eligibility Certificate (PEC)) ફરજિયાત પણે કઢાવવાનું રહેશે.
9. સમગ્ર પ્રવેશ પ્રક્રિયા દરમ્યાન વિદ્યાર્થી દ્વારા કોઈ પણ પ્રકારની ખોટી માહિતી આપવામાં આવેલ હશે તો તે અરજી/પ્રવેશ રદ કરવાને પાત્ર થશે.
10. એડમિશન ફી એક વખત ભરાઈ ગયા બાદ પરત આપવામાં આવશે નહીં.
11. જો નિયત સમયમાં વિદ્યાર્થી ફી ભરવામાં અથવા ડૉક્યુમેન્ટ ચકાસણી પ્રક્રિયામાં નિષ્ફળ જશે તો તેનો પ્રવેશ પરનો હક રદ કરવામાં આવશે અને તેની પછીના મેરીટ મુજબ આવતા વિદ્યાર્થીને પ્રવેશનો લાભ આપવામાં આવશે.
12. વિદ્યાર્થીએ વર્ગો નિયમિત ભરવાના રહેશે. બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયા અને સરકારશ્રી તરફથી મળતી વખતો વખતની તમામ સૂચનાઓ કૉલેજની વેબસાઇટ પર મુકવામાં આવશે તથા કૉલેજના નીતિ નિયમોનું પાલન કરવાનું રહેશે. જો વિદ્યાર્થી દ્વારા આ નિયમોનું પાલન કરવામાં નહી આવે તો તેનો પ્રવેશ રદ કરવાને પાત્ર થશે.
13. સરકારી/ખાનગી સંસ્થામાં નોકરી કરતા વિદ્યાર્થીએ કોલેજનો સમય સવારના ૮ થી ૧ દરમિયાન રેગ્યુલર હાજરી આપશે, તેવું સંસ્થા/ખાતાના વડાનું NO OBJECTION CERTIFICATE (NOC) પ્રવેશ લેતી વખતે રજુ કરવાનું રહેશે.
14. દરેક વિદ્યાર્થી પાસે શિસ્ત અને સુવ્યવહારનો આગ્રહ રાખવામાં આવે છે.
15. આચાર્યશ્રી તથા પ્રવેશ કમિટીનો નિર્ણય આખરી રહેશે

આચાર્ય
એ.એમ.પી. સરકારી લો કોલેજ
રાજકોટ


# ઓનલાઈન ફોર્મ અંગે ની સરળ સમજુતી

## અનુક્રમણિકા



| ક્રમ | વિગત | પેજ |
|---|---|---|
| 1. | ઓનલાઇન રજીસ્ટ્રેશન કઇ રીતે કરવું | ૫ |
| 2. | લોગિન કેવી રીતે કરવું | ૭ |
| 3. | લોગિન થયા બાદ અરજીપત્રક કેવી રીતે ભરવું | ૮ |
| 4. | ફોર્મ રિવ્યુ અને ફાઇનલ સબમિટ | ૧૨ |
| 5. | મેરિટ | ૧૨ |

# 1. ઓનલાઇન રજીસ્ટ્રેશન કઇ રીતે કરવું

- સૌ પ્રથમ http://www.amplc.ac.in/ લીંક પર જવું
- ત્યા ADMISSION મેનુ પર ક્લિક કરવું.
- ત્યારબાદ ADMISSION INSTRUCTIONS આવશે, તે વાંચી નીચે I Agree & Continue બટન પર ક્લિક કરતા નીચે મુજબની screen દેખાશે.





- અહિ તમારે Register Now બટન પર ક્લિક કરશો ત્યારબાદ નીચે મુજબની screen દેખાશે.



- અહિ તમારે 12th ની માર્કશીટ મુજબ નું નામ, બેઠક ક્રમાંક, પાસ કર્યા વર્ષ તથા જન્મ તારીખ ની વિગતો ભરવી.
- બેઠક ક્રમાંક માર્કશીટ મુજબ જે રીતે આપવામાં આવેલ હોય તે મુજબ જ લખવા.
- **બધી જ વિગતો ભરાઇ જાય ત્યાર બાદ Register બટન પર ક્લિક કરવું અને તમને સ્ક્રીન પર Registration No મળશે. તે સમગ્ર પ્રવેશ પ્રક્રિયા દરમિયાન તમારે સાચવીને રાખવાના રહેશે.**

# 2. લૉગિન કેવી રીતે કરવું


- Registration No મળ્યા બાદ તે તમારે અહિ આ ફોર્મમાં દર્શાવવા




- ત્યારબાદ Login Now બટન પર ક્લિક કરવું.

# 3. લોગિન થયા બાદ અરજીપત્રક કેવી રીતે ભરવું

- લોગિન થયા બાદ તમને આ મુજબનું Personal Details નું step દેખાશે.



LL.B. FY SEM 1 APPLICATION FORM - 2020-21

1 Personal Details | 2 Correspondence Details | 3 Education Details | 4 Upload Documents


PERSONAL DETAILS

Surname* — As Per HSC Marksheet
First Name* — As Per HSC Marksheet
Father's/Husband Name* — As Per HSC Marksheet
Mother's Name*
Date of Birth 12/12/1998
Mobile No*
Alternative Mobile No
Email* — Any Further Communication will be sent to this Email
Nationality* Indian
Gender* —
Aadhar No
Category* —
Religion* —
Whether Minority ?* No
Caste*
Blood Group —
Marital Status* —
Mother Tongue*
Whether Physically Handicapped(PH)* No
Do you work/job?* No


Save & Continue

- અહિ તમારે જરૂરી બધી જ વિગતો દર્શાવી, Save & Continue બટન પર ક્લિક કરવું.
- ત્યારબાદ આ મુજબનું Correspondence Details નું step દેખાશે.

- **અહિ તમારે સ્થાનિક (Local) તથા કાયમી (Permanent) સરનામું લખવું**




- ત્યારબાદ **Save & Continue** **બટન પર ક્લિક કરવું**
- ત્યારબાદ આ મુજબનું Education Details નું step દેખાશે.
- અહિ તમારે ધો. ૧૦ તથા ધો. ૧૨ ની વિગતો ભરવી. જો એક કરતા વધુ પ્રયત્નથી (Try) પરિક્ષા પાસ કરેલ હોય, તો બેઠક ક્રમાક માં છેલ્લી પરીક્ષા ના બેઠક ક્રમાંક નાખવા તથા Obtained Marks માં પાસ કરેલ બધા જ વિષયો નો ટોટલ ગુણ લખવા.
- ત્યારબાદ Graduation ની વિગતો ભરવી. આ માહિતી પરથી મેરિટ ની યાદી બનશે.



LL.B. FY SEM 1 APPLICATION FORM - 2020-21

1 Personal Details
2 Correspondence Details
3 Education Details
4 Upload Documents

10TH (SSC) DETAILS

Board Name *
Month & Year of Exam * Month / Year
Seat No *
Total Marks *
Obtained Marks *
Percentage (%)
No of Try *

12TH (HSC) DETAILS

Board Name *
Month & Year of Exam * Month / Year
Seat No *
Total Marks *
Obtained Marks *
Percentage (%)
No of Try *


QUALIFICATION (ONLY GRADUATION) DETAILS MERIT WILL BE GENERATED FROM THIS DATA

Graduation Degree * —
University * —
Name of College/Dept. *
Passing Year * —
Yearly/Semester System * — Please be ready with scanned copy of Graduation Degree certificate
Seat No *
Total Marks * 0 જો Grade system હોય તો, માત્ર CGPA જ લખવા
Obtained Marks * 0
Percentage (%) 0.00
Last degree from Which University? * —

Back | Save & Continue

- ત્યારબાદ Save & Continue બટન પર ક્લિક કરવું
- ત્યારબાદ આ મુજબનું Upload Documents નું last step દેખાશે.

- અહિ તમારે બધા જ અસલ ડોક્યુમેંટ ના ફોટા પાડીને (ફોટા માં બધુ વ્યવસ્થિત દેખાય તે મુજબ), અને તેની સાઇઝ 500 KB થી વધે નહિ તે મુજબ અપલોડ કરવા.
- ધો. ૧૦ તથા ધો. ૧૨ માં એક કરતા વધુ પ્રયત્નો (Try) થી પરિક્ષા પાસ કરેલ હોય તો બધી જ માર્કશીટ ના ફોટા પાડી, તેની એક જ PDF માં જ બધી ભેગી કરી તેની ફાઇલ બનાવી ને અપલોડ કરવી.
- Profile Photo તથા Signature આપેલ સૂચના મુજબ ની સાઇઝ નો તથા સફેદ બેકગ્રાઉન્ડ વાળો જ અપલોડ કરવુ.




- ત્યારબાદ Save & Continue બટન પર ક્લિક કરવું
- ત્યારબાદ તમારે ફોર્મ રીવ્યુ કરીને કન્ફર્મ કરવાનું રહેશે.

# 4. ફોર્મ રિવ્યુ

- અહિ તમને બધી જ વિગત દર્શાવતું ફ્રોર્મ રિવ્યુ કરવા માટે ખુલશે.
- બધી જ વિગતો ધ્યાનથી વાંચી, કોઇપણ સ્પેલિંગ ની ભૂલ ન રહે તે મુજબ ચકાસવી.
- જો કોઇ ભૂલ જણાઇ તો સૌથી નીચે તમને Edit Application નુ બટન દેખાશે. તેના પર ક્લિક કરવાથી તમારુ ફ્રોર્મ ફરીથી **Edit** મોડમાં ખુલશે અને જરૂરી ભૂલો સુધારી ને ફરી થી Save & Continue બટન પર ક્લિક કરવું.
- જો કોઇ ભુલ ના જણાય તો સૌથી નીચે Checkbox પર ક્લિક કરી Confirm Application બટન પર ક્લિક કરવું અને ત્યારબાદ Print બટન પર ક્લિક કરી ને તેની પ્રિંટ તમારે સાચવવી.
- **ખાસ નોંધઃ એક વખત Confirm Application બટન પર ક્લિક કર્યા બાદ કોઇપણ સંજોગોમાં ફરીથી Application Edit થઇ શકશે નહિ. તેની ગંભીર નોંધ લેવી.**

# 5. મેરિટ

- કૉલેજ ની વેબસાઈટ ચકાસતા રહેવું